પેઈજ નં. 3
ભાવનગરમાં થેલેસેમિયાની જાગૃતિ અંગે બેઠક યોજાઈ

પેઈજ નં. ૫
સેક્સસંબંધ અંગે ચર્ચા હવે સંબંધ જાળવવા માટે જરૂરી

પેઈજ નં. ૭
કપિલ દેવ આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરાયો

સીટી વોચ
અસ્સલ ગુજરાતી
સંપૂર્ણ ગુજરાતી ઈ-પેપર



colour creation
high court road,
Bhavnagar.

વર્ષ : ૧ અંક : ૨૦૯ તા. ૧૦-૦૩-૨૦૧૦ બુધવાર તંત્રી : હિતેશ રવિયા

# નીતિશકુમાર જેડીયુ સાથે છેડો ફાડે તેવી સંભાવના

નવી દિલ્હી, બુધવાર

રાજ્યસભામાં ઐતિહાસિક મહિલા અનામત બિલ પસાર થઈ ગયુ છે. પરંતુ મહિલા અનામત બિલના મુદ્દે જનતાદળ યુનાઈટેડમાં મતભેદો ચરમસીમા પર પહોંચી ગયા છે. વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે, મતભેદો વધી ગયા બાદ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર જેડીયુ સાથે છેડો ફાડી દે તેવી શક્યતા છે.

નીતિશકુમારની લાઈન ઉપર અનામત બિલને પક્ષના કેટલાક સભ્યોએ ટેકો આપ્યા બાદ જેડીયુમાં તિરાડ વધી ગઈ છે. જેના પરિણામ સ્વરૂપે પક્ષમાં ભંગાણની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નીતિશકુમાર જેડીયુ સાથે છેડો ફાડીને અલગ પક્ષની રચના કરે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. શિવાનંદ તિવારી, એન.કે.સિંહ, અલી અનવર, મહેન્દ્રપ્રસાદ અને ભગવાન સહાનીનો ટેકો નિતિશ કુમારને મળ્યો હતો જેથી શરદ યાદવ જૂથમાં નારાજગી પ્રવર્તી ગઈ છે. શરદ યાદવે આ બિલનો વિરોધ કર્યો હતો. પક્ષમાં બે જૂથ હોવાથી જેડીયુ આડે અડચણો ઊભી થઈ ગઈ છે.

રસપ્રદ બાબત એ છે કે, કેટલાક સાંસદો શરદ યાદવના વલણ સાથે સહમત છે. શરદ યાદવે મહિલા અનામત બિલનો વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, જ્યાં સુધી આમાં ફેરફાર કરાશે નહીં ત્યાં સુધી બિલનો વિરોધ કરાશે. ઉચ્ચ જાતિના હિતોની અવગણના કરવાનો અગાઉ મુખ્યમંત્રી ઉપર પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. શરદ યાદવ જૂથે બિલની વિરોધમાં તમામ સભ્યોને આદેશ જારી કર્યો હતો. આગામી દિવસોમાં લોકસભામાં પણ જેડીયુ જૂથમાં વિભાજનની સ્થિતિ જોવા મળે તેવી શક્યતા

## નવા રાજકીય સમીકરણના સંકેતઃ મહિલા અનામત બિલને નીતિશે ટેકો આપવા જેડીયુમાં ભંગાણની સ્થિતિ : લોકસભામાં વિભાજન રહે તેવી વકી

છે. અત્રે નોંધનીય છે કે, મહિલા અનામત બિલને ગઈકાલે બે તૃતિયાંશ બહુમતી સાથે પસાર કરવામાં આવ્યો હતો. મુલાયમસિંહ યાદવ અને લાલુપ્રસાદ યાદવે પણ સરકાર ઉપર તેજાબી આક્ષેપો કરીને તેમને અંધારામાં રાખવાનો આરોપ મૂક્યો હતો.

# લશ્કર અને નક્સલીઓએ પાવર પ્લાન્ટની રેકી કરી

નવી દિલ્હી, બુધવાર

ત્રાસવાદી સંગઠન લશ્કર-એ-તોઈબા અને નક્સલવાદીઓએ કેટલાક રાજ્યોમાં પાવરપ્લાન્ટ ખાતે સ્થિત સીઆઈએસએફના શસ્ત્રાગાર ઉપર હુમલો કરવા માટે વ્યાપક રેકી કરી હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે. કેન્દ્ર સરકારે પણ આ ચોંકાવનારા અહેવાલને સમર્થન આપ્યું છે. લશ્કર-એ-તોઈબા અને નક્સલવાદીઓએ પાવરપ્લાન્ટની રેકી કરી હોવાના અહેવાલ બાદ તમામ જગ્યાઓએ સુરક્ષા વધારવાનો ફેંસલો કરાયો છે.

ત્રાસવાદીઓ અને બંડખોરો જમ્મુ-કાશ્મીર, પંજાબ, હિમાચલપ્રદેશ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશમાં કેટલાક પાવરપ્લાન્ટને ટાર્ગેટ બનાવવાની યોજના બનાવી ચૂક્યા છે. લશ્કર-એ-તોઈબા ઉપરાંત સીપીઆઈ (માઓવાદીઓ) સીઆઈએસએફ

## પાવર પ્લાન્ટ ખાતે સીઆઈએસએફના શસ્ત્રાગાર ઉપર હુમલાઓ કરવા તોઈબા અને નક્સલવાદીઓની યોજના

શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવા વ્યાપક રેકી કરી ચૂક્યા છે. ગૃહ રાજ્યપ્રધાન મુલાપલ્લીએ આ અંગેની માહિતી આપી છે. અત્રે નોંધનીય છે કે, હજુ સુધી દેશમાં ૭૨ પાવરપ્લાન્ટ ખાતે સુરક્ષા સીઆઈએસએફ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. દેશમાં વધુ કેટલાક પાવરપ્લાન્ટની સુરક્ષાની જવાબદારી પણ સીઆઈએસએફને સોંપવા હિલચાલ ચાલી રહી છે.

